# આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- વિરલ રાણા

## કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-26-06-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

-----------------------------------------------------------------------------

## લોકસભઆ અધ્યક્ષ ઓમ બિરલા

એનડીએ ઘટક દળોના ઉમેદવાર અને ભાજપના સાંસદ ઓમ બિરલા ફરી એકવાર લોકસભા અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને પક્ષના તમામ નેતાઓએ નવા અધ્યક્ષને શુભેચ્છા પાઠવી હતી.

નેશનલ ન્યુઝ

-----------------------------------------------------------------------------

## શાળા પ્રવેશોત્સવ -રાજ્ય

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડાંગ જિલ્લાના સુબીર તાલુકાની બિલિઆંબા પ્રાથમિક શાળાથી રાજ્યવ્યાપી “શાળા પ્રવેશોત્સવ” નો આજથી પ્રારંભ કરાવ્યો હતો.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ બનાસકાંઠામાં થરાદના નારોલી ગામમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. અહીં બાળકોને કુમકુમ તિલક અને શૈક્ષણિક કીટ આપી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

સુરતની ત્રણ  શાળામાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ભૂલકાંઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. હર્ષ સંઘવીએ બાળકોને કંકુ ચોખાથી આવકાર્યા હતા. બાળકોને અભ્યાસ કીટ આપી શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. ગૃહરાજ્યમંત્રીએ બાળકોને ઉચ્ચ શિક્ષણ લઇને જીવનમાં આગળ વધવા પ્રેરિત કર્યા હતા.

RNU અમદાવાદ

-----------------------------------------------------------------------

## શાળા પ્રવેશોત્સવ –કચ્છ

દરમિયાન કચ્છમાં આજથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો છે, ત્યારે લખપત તાલુકાના માતાનામઢ, કોટડા મઢ અને ભાડરા ગામની પ્રાથમિક શાળા ખાતે પ્રભારી સચિવ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે ભૂલકાઓને શાળામાં શૈક્ષણિક કીટની ભેટ સાથે પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, દુનિયાની સાથે તાલમેલ મેળવવા માટે શિક્ષણની નવી પદ્ધતિઓને અપનાવવી ખૂબ જ જરૂરી છે.

કલેકટર અમીત અરોરાની અધ્યક્ષતામાં નખત્રાણા તાલુકાની રવાપર અને ઘડાણી પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી ઉત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો. જેમાં 61 બાળકોનો પ્રવેશ કરાવવામાં આવ્યો.

ધારાસભ્ય અનિરુધ્ધ દવેએ મુંદરા તાલુકાના ટુંડાવાંઢ પ્રાથમિક શાળા તથા મોટા કાંડાગરાની સરકારી હાઇસ્કુલ ખાતે બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો.

ધારાસભ્ય માલતી મહેશ્વરીના અધ્યક્ષસ્થાને ગાંધીધામ ખાતે નવી સુંદરપુરી પ્રાથમિક શાળા તથા સી.જી. હાઇસ્કુલ ખાતે બાળકોને કુમકુમ તિલક અને શૈક્ષણિક કીટ આપી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ભુજ પ્રાથમિક શાળા નંબર ૧ તથા ૧૬ તેમજ રાવલવાડી રીલોકેશન પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્ય કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.

ધારાસભ્યશ્રી ત્રિકમભાઇ છાંગાના અધ્યક્ષસ્થાને દબડાની શાળામાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.

**મા.ખા.**

-----------------------------------------------------------------------

BHUJ

## હવામાન - વરસાદ

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા ઉપરાંત સૌરાષ્ટ્રનાં મોટા ભાગના જિલ્લાઓ, વડોદરા, છોટા ઉદેપુર ઉપરાંત દક્ષિણ ગુજરાતનાં નર્મદા, ભરૂચ, તાપી, ડાંગ, સુરત જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

દરમિયાન કચ્છમાં સતત ચોથા દિવસે વરસાદે હાજરી પુરાવી હતી. ગરમી અને ઉકળાટ બાદ અબડાસાના સુખપર બેરા વિસ્તારમાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. દરમિયાન ગત રાત્રે ગાંધીધામમાં 2 કલાકમાં ચાર ઇંચ વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. તો માંડવીમાં 2, અંજારમાં દોઢ, ભચાઉ 1 ઇંચ અને ભુજમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો હતો.

**N.P**

---------------------------------------------------------------------------

## આંચકો

સરહદી કચ્છ જિલ્લામાં સમયાંતરે ભૂકંપના આંચકા નોંધાતા રહે છે. ત્યારે આજે બપોરે પોણા પાંચ વાગ્યે 2.8ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. કચ્છ સરહદ પાસે પાકિસ્તાનમાં કેન્દ્રબિંદુ હોવાનું ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી ખાતે નોંધાયું હતું.

**N.P**

---------------------------------------------------------------------------

## આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસ

માદક દ્રવ્યના દુરઉપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામને આંતરરાષ્ટ્રીય દિવસ આજે મનાવવામાં આવી રહ્યો છે. આ દુષણને નાબુદ કરવા પોલીસ દ્વારા શાળા બાળકોને રેલી દ્વારા જાગૃત કરવામાં આવ્યા હતા.

**N.P**

---------------------------------------------------------------------------

RAJ

# મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની **30**મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને **MyGov** ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર **1800-11-7800** દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની **28**મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

**30**મી જૂને પ્રસારિત થનારો **111**મો એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, **AIR** ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે.

એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

નેશનલ ન્યુઝ

---

RNVBHUJ